**સંકલિત બાળ વિકાસ યોજના હેઠળના લાભાર્થીઓને પુરા પાડવામાં આવતા પુરક પોષણનું ઉત્પાદન/વિતરણની કામગીરી સખી મંડળ/સ્વ સહાય જૂથ/જિલ્લા સખી સંઘ/ દૂધ ઉત્પાદક સંઘ ને સુપ્રત કરવા અંગેની નીતિ નક્કી કરવા બાબત.**

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્રઃઆઇસીડી-૧૧૨૦૧૨-૩૪૪-(પા.ફા.)-બ

સચિવાલય,ગાંધીનગર

તા:૨૪/૬/૨૦૧૩

<u>વંચાણે લીધા:</u> કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી,ગાંધીનગર ની સીંગલ ફાઇલ સિસ્ટમથી મળેલ તા.૦૫/૧૨/૨૦૧૨ના દરખાસ્ત.

<u>આમુખઃ-</u>

નામદાર સુપ્રીમકોર્ટ દવારા રિટ પિટીશન(સિવિલ) ૧૯૬/૨૦૦૧ ના કેસમાં તેમજ નામ.હાઇકોર્ટ દવારા એસ.સી.એ. ૩૦૫૫/૨૦૦૮ ના કેસમાં આપેલ હુકમો તેમજ નિર્દેશો અનુસાર સંકલિત બાળ વિકાસ યોજના હેઠળના ..... લાભાર્થીઓને પુરા પાડવામાં આવતા પુરક પોષણની ઉત્પાદન તેમજ વિતરણની કામગીરી કોન્ટ્રાકટર/મૂળ ઉત્પાદક દવારા ન કરાવતા આ કામગીરી વિલેજ કોમ્યુનીટી, મહિલા મંડળો તથા સ્વસહાય જૂથ દવારા કરાવવાની થાય છે. આમ, પુરક પોષણ કાર્યક્રમમાં વિકેન્દ્રીકરણની પધ્ધતિનો અમલ કરવાનો રહે છે.

રાજ્યમાં વર્ષ ૨૦૦૯-૧૦થી તબકકાવાર માતૃમંડળો/સખી મંડળો મારફત આઇ.સી.ડી.એસ યોજનાના લાભાર્થીઓને પુરક પોષણ આહાર આપવાની કામગીરી કરવામાં આવી રહેલ છે. તદ્ઉપરાંત ગ્રામ વિકાસ વિભાગ હેઠળના "મિશન મંગલમ" અંતર્ગત આ પ્રવૃત્તિને વેગ આપવા અને ટેક હોમ રેશન (THR)ની કામગીરીનું વિકેન્દ્રીકરણ કરવા સને ૨૦૧૨-૧૩ ના વર્ષના બજેટમાં નવી બાબત તરીકે રૂ. ૨૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે અને ગુજરાત લાઇવલીહુડ પ્રમોશન કંપની(GLPC) ના નેજા હેઠળ રચાયેલ સખી મંડળો દ્વારા પુરક પોષણ આહાર ઉત્પાદિત કરી વિતરણ કરવા અંગેની પ્રાથમિક તબકકાની કાર્યવાહી કરવામાં આવેલ છે.

ગ્રામ વિકાસ વિભાગ દ્વારા "મિશન મંગલમ" પ્રોગ્રામ અંતર્ગત ગરીબ કુટુંબની મહિલાઓના આર્થિક વિકાસ, કૌશલ્ય પ્રવૃત્તિઓ તેમજ મહિલાઓને સામાજિક અને આર્થિક રીતે યોગ્ય દરજ્જો આપવા માટે સ્વરોજગારીની તકો ઉભી થાય તે માટે સખી મંડળોની રચના કરવામાં આવે છે. આ યોજનામાં સખી મંડળોની રચના કરી બેંક ધિરાણ માટે લીંકેજ કરવામાં આવે છે અને નાણાંકીય સહાય પણ આપવામાં આવે છે.

આમ, સખી મંડળો/સ્વ સહાય જૂથો/જિલ્લા સખી સંઘ/દુધ ઉત્પાદક સંઘ ને પુરક પોષણ આહાર ઉત્પાદિત કરી વિતરણ ( વિકેન્દ્રીકરણ) કરવાની કામગીરી સોંપવા અંગેની રાજય કક્ષાની નીતિ નકકી કરવા અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણાને અંતે, સંકલિત બાળ વિકાસ યોજના અંતર્ગત પુરક પોષણ આહાર ઉત્પાદિત કરી વિતરણ (વિકેન્દ્રીકરણ) કરવા અંગેની તબકકાવાર કામગીરી નીચેની શરતો તથા માર્ગદર્શક સુચનાઓને આધીન સખી મંડળ/સ્વ સહાય જૂથો/જિલ્લા સખી સંઘ/ દુધ ઉત્પાદક સંઘ ને સુપ્રત કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

(૧) શરતો:-

- આ કામગીરીમાં જોડાવા ઇચ્છુક સખી મંડળ/સ્વ સહાય જૂથ/જિલ્લા સખી સંઘ "મિશન મંગલમ" હેઠળ રજીસ્ટર્ડ હોવા જોઇએ. દુધ ઉત્પાદક સંઘ ને "મિશન મંગલમ" હેઠળના રજીસ્ટ્રેશન અંગેની જોગવાઇ લાગું પડશે નહીં.
- સખી મંડળ/સ્વ સહાય જૂથ/જિલ્લા સખી સંઘ/ દુધ ઉત્પાદક સંઘ પાસે પોષણ આહાર ઉત્પાદન યુનિટ માટે જરૂરી નાંણાકીય ભંડોળ, ઉત્પાદન ક્ષમતા, માનવ બળ હોવા જોઇએ.
- આ કામગીરી માટે જોડાનાર સખી મંડળ/સ્વ સહાય જૂથ/જિલ્લા સખી સંઘ/દુધ ઉત્પાદક સંઘ દ્વારા પુરક પોષણ આહાર ઉત્પાદન યુનિટ સ્થાપવાનું રહેશે. આ યુનિટ સ્થાપવા માટે તેઓ તાંત્રિક નિષ્ણાત (સંસ્થા અથવા વ્યકિત)ની સેવાઓ લઇ શકશે. આ કામગીરી કરવા માટે આવા તાંત્રિક નિષ્ણાંત પાસે આ ક્ષેત્રમાં ઓછામાં ઓછો ૩ વર્ષનો અનુભવ હોવો જોઇએ.
- Food safety & Standards Rules-2011 ની જોગવાઇને ધ્યાને રાખી તેમજ પ્રવર્તમાન અન્ય આનુંષાંગિક નિયમોનો અમલ કરવાનો રહેશે.
- પુરક પોષણ આહારની ક્વોલીટી સંબંધે પણ જરૂરી તકેદારી રાખવાની રહેશે અને તે માટે ઉત્પન્ન થનાર પોષણ આહારનું ફુડ એન્ડ ડ્રગ્ઝ લેબોરેટરી, વડોદરા તેમજ અન્ય સરકાર માન્ય લેબોરેટરી પાસેથી ટેસ્ટીંગ કરાવવાનું રહેશે.

(૨) પોષણ આહાર અંગેની સૂચનાઓ :-

- આઇસીડીએસ યોજના હેઠળના જુદા જુદા લાભાર્થી વર્ગ માટે ભારત સરકારશ્રીની પ્રવર્તમાન માર્ગદર્શક સૂચનાઓ મુજબ નિયત માત્રામાં દૈનિક પ્રોટિન, કેલેરી, માઇક્રોન્યુટ્રીઅન્ટ મળી રહે તે મુજબ પૂરક પોષણ આહાર પૂરૂ પાડવાનું રહેશે.
- પોષણ આહાર ઉત્પાદન માટે જરૂરી ઘઉં રાજયકક્ષાએથી ઉપલબ્ધ કરાવવામાં આવશે.
- સખી મંડળ/સ્વ સહાય જૂથ/જિલ્લા સખી સંઘ/ દુધ ઉત્પાદક સંઘ દ્વારા આંગણવાડી કક્ષાએ પુરક પોષણનો અઠવાડિક જથ્થો પહોંચાડવાનો રહેશે.
- પોષણ આહારની ઉત્પાદન કિંમત રાજય સરકાર નકકી કરે તે મુજબની રહેશે.
- આંગણવાડી સુધી પુરક પોષણનો જથ્થો પહોચાડવાનો વાહતુક ખર્ચ જે તે જિલ્લાની ભૌગોલિક પરિસ્થિતિ અને કામગીરીના પ્રમાણમાં રાજય સરકારશ્રી દ્વારા ખર્ચ સરભર કરવામાં આવશે.
- પ્રિમીક્ષની નકકી કરેલ કિંમતે ઓછામાં ઓછી એક વર્ષ અથવા કરારની જોગવાઇ મુજબ રહેશે.

(3) <u>નાણાંકીય સહાય:-</u>

નામ .સુપ્રિમ કોર્ટ / હાઇકોર્ટના નિર્દેશ અનુસાર વિકેન્દ્રીકરણની સમગ્ર પ્રક્રિયા સખી મંડળ/સ્વ સહાય જૂથ/જિલ્લા સખી સંઘ/ દુધ ઉત્પાદક સંઘ ધ્વારા કરાવવાની રહે છે. પરંતુ, વિકેન્દ્રીકરણની પ્રક્રિયા માટે જરૂરી જમીન/મકાન/પ્લાન્ટ-મશીનરી/રો મટીરીયલ્સ માટે પ્રારંભિક તબક્કે મોટા પાયે નાણાંની જરૂરિયાત રહેશે. જે માટે સખી મંડળ/સ્વ સહાય જૂથ/જિલ્લા સખી સંઘ સક્ષમતા ધરાવતા ન હોય તે અંગેની નાણાંકીય નીતિ નીચે મુજબ નક્કી કરવામાં આવે છે.

- વિકેન્દ્રીકરણના પ્લાન્ટની સ્થાપના તથા તેને કાર્યરત રાખવા માટે જરૂરી રકમનુ ધિરાણ જે તે સખી મંડળ/સ્વ સહાય જૂથ/જિલ્લા સખી સંઘ/ દુધ ઉત્પાદક સંઘએ રાષ્ટ્રીયકૃત બેન્ક/સહકારી બેન્ક કે અન્ય નાણાંકીય સંસ્થા પાસેથી મેળવવાનું રહેશે. જે ધિરાણ મેળવવા માટે સખી મંડળ/સ્વ સહાય જૂથ/જિલ્લા સખી સંઘને "Promoter Contribution" તરીકેની નાણાંકીય સહાયની જરૂરિયાત રહેશે. આવી સહાય શેર ફાળા તરીકે મહિલા અને બાળ વિકાસ વિભાગ ધ્વારા " મિશન મંગલમ" પ્રોજેકટ હેઠળ કરવામાં આવેલ જોગવાઇમાંથી ગુજરાત લાઇવલી હુડ પ્રમોશન કંપની (GLPC) મારફ્ત ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ નાણાકીય સહાય Bank End Subsidy તરીકે Bank/નાણાંકીય સંસ્થાને સીધી આપવાની રહેશે.
- આવી સહાય પ્રોજેકટની ઉત્પાદન ક્ષમતાને અનુલક્ષીને, માસિક ૧000 મે.ટન દીઠ રૂ.૧.00 કરોડ લેખે (૨000 મે.ટન દીઠ રૂ.૨.00 કરોડ, 3000 મે.ટન દીઠ રૂ.૩..00 કરોડ) પૂરી પાડવામાં આવશે. આ સહાય વધુમાં વધું કુલ project Cost ના 30% સુધીની રહેશે. જેમાં પ્રોજેકટ માટે જમીન/મકાન/પ્લાન્ટ-મશીનરી ની કિંમત ગણવામાં આવશે, પરંતુ પ્લાન્ટને ચાલુ રાખવા માટેના Running Cost નો તેમાં સમાવેશ કરવામાં આવશે નહી.
- સખીમંડળ/જિલ્લા સખી સંઘ/સ્વસહાય જૂથ/દૂધ ઉત્પાદક સંઘ સંચાલિત પુરકપોષણ (THR)નો પ્લાન્ટ તાલુકા/જિલ્લા કક્ષાએ સ્થાપવામાં આવશે. ICDS યોજનાના લાભાર્થીઓને પૂરા પાડવામાં આવતા પુરકપોષણ(THR)ની માસિક જરૂરિયાત ૧૨૫0૭ મે.ટન છે જેથી પ્રોજેકટની ઉત્પાદન ક્ષમતાને અનુલક્ષીને Project Costના 30 ટકા લેખે વધુમાં વધુ સહાય ગણતાં તથા માસિક ૧000 મે.ટન દીઠ રૂ.૧ કરોડની મર્યાદા લેખે સંભવિત પ્રોજેકટ પડતર ધ્યાને લેતાં કુલ વાર્ષિક પડતર આશરે રૂ.૨0 થી ૨૫ કરોડ અપેક્ષિત છે. આ માટે સને ૨0૧૨-૧૩ ના અંદાજપત્રમાં રૂ.૨0 કરોડ તથા સને ૨0૧૩-૧૪ ના અંદાજપત્રમાં રૂ. ૮ કરોડની જોગવાઇ નીચે મુજબના સદરે કરવામાં આવેલ છે.

| | |
|---|---|
| માંગણી ક્રમાંક: | ૧0૬ |
| મુખ્ય સદર: | ૨૨૩૬ પોષણ |
| પેટા મુખ્ય સદર: | 0૨ પોષક, ખાધ અને પીણાંની વહેચણી |
| ગૌણ સદર: | ૮00 અન્ય ખર્ચ |
| પેટા સદર: | ૧૭00 મીશનને લગત |

- "Promoter Contribution" તરીકેની નાણાકીય સહાય મેળવવા માટે સંબંધિત સખી મંડળ/સ્વ સહાય જૂથ/જિલ્લા સખી સંઘે, જિલ્લા કક્ષાની કમિટીને અરજી કરવાની રહેશે. જિલ્લા કક્ષાની

કમિટીએ દરખાસ્તની યથાયોગ્યતા ચકાસીને જરૂરી ભલામણ સહ દરખાસ્ત રાજય કક્ષાની કમિટીને મોકલવાની રહેશે.

- સખી મંડળ/સ્વ સહાય જૂથ/જિલ્લા સખી સંઘ/ દુધ ઉત્પાદક સંઘ એ "ફુડ પ્રોસેસીંગ પ્રોજેકટ" માટે મળવાપાત્ર સબસીડી ભારત સરકાર /રાજયસરકાર ના સંબંધિત ખાતા/સંસ્થા પાસેથી મેળવવાની રહેશે.
- સખી મંડળ/સ્વ સહાય જૂથ/જિલ્લા સખી સંઘ/ દુધ ઉત્પાદક સંઘે પ્રિમિક્ષ-પ્લાન્ટની સ્થાપના કરવા માટે જરૂરી કન્સલન્ટીંગ, ડ્રાફટ પ્રોજેકટ રીપોર્ટ (DPR) માટેની સહાય વિભાગ ધ્વારા રૂ.૫.૦૦ લાખની મર્યાદામાં "મિશન મંગલમ" પ્રોજેકટ હેઠળ કરવામાં આવેલ જોગવાઇમાંથી GLPC/Director (DRDA) મારફતે ઉપલબ્ધ કરવામાં આવશે.
- રાજ્ય સરકારશ્રી તરફથી આપવામાં આવેલ સહાય Promoter ના શેર ફાળા તરીકે ગણાશે, અને એકમ તથા તેની સ્થાવર મિલકત પર તેટલો માલિકી હકક રાજય સરકારનો રહેશે.
- સખી મંડળ/સ્વ સહાય જૂથ/જિલ્લા સખી સંઘ/ દુધ ઉત્પાદક સંઘ દ્વારા પુરક પોષણના વિકેન્દ્રીકરણ માટેના પ્રોજેક્ટની સ્થાપના માટે, પ્રોજેક્ટ કાર્યરત રાખવા માટે તથા નીતિ-વિષયક નિર્ણયો લેવા માટે પાંચ સભ્યોની એક મેનેજિંગ કમિટીની રચના કરવાની રહેશે. ૫(પાંચ) સભ્યો પૈકી ૩(ત્રણ) સભ્યો (૧) Director(DRDA) (૨) પ્રોગ્રામ અધિકારી (ICDS) (૩) GLPC ના પ્રતિનિધિનો સમાવેશ કરવાનો રહેશે.

(૪) <u>પ્રક્રિયા/પધ્ધતિ:-</u>

- ઉપર જણાવેલ શરતો પરિપૂર્ણ કરતાં સખી મંડળ/સ્વ સહાય જૂથ/જિલ્લા સખી સંઘ/ દુધ ઉત્પાદક સંઘોએ સબંધિત જિલ્લા વિકાસ અધિકારીશ્રીને દરખાસ્ત કરવાની રહેશે.
- જિલ્લા કક્ષાએ સંબંધિત જિલ્લા વિકાસ અધિકારીશ્રીની અધ્યક્ષતામાં (૧) નિયામકશ્રી(DRDA), (૨) જિલ્લા રજીસ્ટ્રારશ્રી (સહકારી મંડળીઓ) (૩) ગુજરાત લાઇવલીહુડ પ્રમોશન કંપની(GLPC) ના પ્રતિનિધિ (૪) મેનેજરશ્રી, જિલ્લા ઉધોગ કેન્દ્ર (૫) ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશ્નરશ્રી( કોર્પોરેશન વિસ્તાર માટે ) (૬) જિલ્લા પ્રોગ્રામ અધિકારીશ્રી(ICDS) તેમજ જિલ્લા વિકાસ અધિકારીશ્રીને યોગ્ય જણાય તેવા અન્ય અધિકારીશ્રીની નિમણુંક કરી સબંધિત જિલ્લા વિકાસ અધિકારીશ્રી દવારા કમિટીની રચના કરવાની રહેશે. આ કમિટી સમક્ષ રજૂ થયેલ દરખાસ્તની ચકાસણી કરી તેમજ દરખાસ્તમાં જણાવેલ બાબતોની ખરાઇ કરી સ્પષ્ટ અભિપ્રાય સાથેની દરખાસ્ત મંજૂરી અર્થે કમિશ્નર, મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગરને મોકલવાની રહેશે.
- રાજયકક્ષાએ સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગની અધ્યક્ષતામાં (૧) રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર (૨) નિયામકશ્રી(ICDS), કમિ.શ્રી, મ.અને બા. વિકાસની કચેરી,ગાંધીનગર (૩) મેને.ડીરે.શ્રી,ગુજરાત લાઇવલીહુડ પ્રમોશન કંપની(GLPC) (૪) નાયબ સચિવશ્રી(ICDS) મ.અને બા.વિ.વિભાગ, (૫) નાયબ સચિવશ્રી, ઉધોગ અને ખાણ વિભાગ (૬) નાણાંકીય સલાહકારશ્રી(મ.અને બા.વિ.વિ), નાણાં વિભાગ તેમજ અન્ય અધિકારીશ્રીની નિમણુંક કરી રાજયકક્ષાની કમિટીની રચના કરવાની રહેશે. કમિટીના સભ્ય-સચિવ તરીકે નિયામકશ્રી(ICDS)એ ફરજો બજાવવાની રહેશે. સબંધિત જિલ્લાના જિલ્લા વિકાસ અધિકારીશ્રી દવારા રજુ થયેલ દરખાસ્ત આ રાજય કક્ષાની કમિટીમાં મંજૂરી અર્થે રજૂ કરવાની

રહેશે. આ દરખાસ્ત અન્વયે જે તે જિલ્લા સખી સંઘની ઉત્પાદન ક્ષમતા, પ્રોડકટની ગુણવત્તા, નાણાકીય બાબતો વગેરે પાસાઓની ચકાસણી કરી સદરહુ દરખાસ્તને બહાલી આપવા અંગે રાજ્યકક્ષાની કમિટીએ નિર્ણય લેવાનો રહેશે.

- પ્રથમ તબકકે રાજય કક્ષાની કમિટી દવારા આ દરખાસ્તને પ્રોજેક્ટ ઉભા કરવા માટે મંજૂરી આપવામાં આવશે. સખી મંડળ/સ્વ સહાય જૂથ/જિલ્લા સખી સંઘ/દુધ ઉત્પાદક સંઘો દવારા પોષણ આહાર ઉત્પાદન યુનિટની સ્થાપના પછી જિલ્લા કક્ષાની કમિટી દ્વારા સ્થળ તપાસ તેમજ દરખાસ્ત માં રજૂ કરવામાં આવેલ હકીકતોના સાપેક્ષમાં ભૌતિક ચકાસણી કરી અહેવાલ રજૂ કરવામાં આવ્યા બાદ જ સંબંધિત જિલ્લા સખી સંઘ અને જિલ્લા પ્રોગ્રામ ઓફિસરની વચ્ચે ૫ વર્ષના સમયગાળાના **"Assured Supply "** માટે કરાર કરવામાં આવશે. કરારની શરતો જે તે સમયના ભારત સરકારશ્રીના પુરક પોષણના નૉર્મ્સ તેમજ નામદાર સુપ્રિમ કોર્ટ/નામદાર ગુજરાત હાઇકોર્ટ ના નિર્દેશોને આધિન રહેશે.
- આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૨૧-૫-૨૦૧૩ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(રાજેશ રાજયગુરૂ)
નાયબ સચિવશ્રી(ICDS)
મહિલા અને બાળ વિકાસ વિભાગ

Issued on 24 JUN 2013
Date :-
Sign :-

પ્રતિ,

-માન.મંત્રીશ્રી(મ.બા.ક) ના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર
-માન.રા.ક.મંત્રીશ્રી(મ.બા.ક) ના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર
-મુખ્યસચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય,ગાંધીનગર
-અધિક મુખ્યસચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય,ગાંધીનગર
-અગ્રસચિવશ્રી, પંચાયત અને ગ્રામગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર
- અગ્રસચિવશ્રી, અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ, સચિવાલય,ગાંધીનગર
- અગ્રસચિવશ્રી, ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય,ગાંધીનગર
- અગ્રસચિવશ્રી, ઉધોગ અને ખાણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર
- સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી(ICDS), કમિશનરશ્રી, મહિલા બાળ વિકાસની કચેરી, ગાંધીનગર
- રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મેનેજિંગ ડિરેકટરશ્રી, ગુજરાત લાઇવલીહુડ પ્રમોશન કંપની(GLPC) , ગાંધીનગર
- નાણાંકીય સલાહકારશ્રી(મ.બા.ક), નાણાં વિભાગ, સચિવાલય,ગાંધીનગર
- નાયબ સચિવશ્રી, ઉધોગ અને ખાણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર
- જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી............................(તમામ)
- ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન,.........................(તમામ)
- જિલ્લા પ્રોગ્રામ અધિકારીશ્રી (ICDS), જિલ્લા પંચાયત કચેરી,.........................(તમામ)
- સિલેકટ ફાઇલ/૨૦૧૨ / મદદનીશ સિલેક્ટ ફાઇલ.